## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*એકાંતની ગૂફામાં, કોઈ સાદ કરતું નથી!*
*ભટકું ભૂતકાળમાં કોઈ યાદ કરતું નથી!*
*દાદ દેતું ન કોઈ ચિત્તના, ચીખ ચિત્કારો ને -*
*ઉજ્જડ આવાસ કોઈ આબાદ કરતું નથી !*

**હાઈકુ**

*વનરાઈને*
*લાગી ગઈ નજર -*
*ને ખર્યાં પાન...*
*(આવી પાનખર)*

*ભૂત થઈને -*
*ખંડિત ખંડેરોમાં -*
*ભટકે યાદો...*
*(વેરાન જિંદગી)*

### ચિંતન

**સંપત્સુ મહતાં ચિત્તં ભવત્યુત્પલ કોમલમ્ ।**
**આપત્સુ ચ મહાશૈલ શિલા સંઘાત કર્કશમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**આ સુભાષિતમાં સજ્જન, મહાપુરુષો સંપત્તિ અને આપત્તિ દરમિયાન કેમ વર્તે છે એની વાત કહી છે.**

**સંપત્તિ આવે ત્યારે સજ્જન મહાપુરુષોનાં મન કમળ જેવા કોમળ થઈ જાય છે અને આપત્તિઓ આવે ત્યારે સજ્જન મહાપુરુષોનાં મન મોટા પર્વતની જેમ કઠોર, કઠણ અને કર્કશ બની જાય છે.**

**સજ્જન મહાપુરુષો ધનસંપત્તિ આવે ત્યારે એવા નમ અને વિવેકી બની જાય છે કે આ સજ્જન આટલી સંપત્તિનો માલિક હશે એવું તમે એમના ચહેરા અને વર્તન પરથી અનુમાન પણ ન કરી શકો, એવા લોકો સદાય નમ્રતા અને વિવેકથી વાત કરતા હોય છે.**

**આવા લોકો આપત્તિ-વિપત્તિનાં વાદળ આવે ત્યારે વેરવિખેર થઈ જતાં નથી પણ કઠોર પર્વતની જેવા મજબૂત બની ખરાબ સંજોગોના સૈન્ય સામે ઝઝુંમે છે અને સમસ્યાઓ સામે વિજયી બને છે.**

### સુવિચાર

- કાબિલે એ તારીફ હોને કે લિયે, વાકિફ એ તકલીફ હોના જરૂરી હે - **કુમાર વિશ્વાસ**
- સહભાગી બનવું જોઈએ, સુખ-દુઃખ તો નિશ્ચિત છે, કયારેક છે તલભાર તો કયારેક પારાવાર છે - **દિપક સોલંકી**
- જેમને તમો ચાહો છો અને જેઓ તમને ચાહે છે, તેઓ જ તમારું જીવન ઘડે છે - **ક્રિશ્નકાંત ઉનડકટ**
- તમારી જિંદગીના કેન્દ્રમાં જે વાતને રાખશો તેમાંથી જ તમને સલામતી, માર્ગદર્શન, ડહાપણ અને પાવર મળતા રહેશે - **સ્ટીફન આર ગોડી**
- જીવનની પહેલી અને આકરી શરત છે, 'વેઠવું' - **જીવનપાથેય**
- જયારે સફર તોફાની બને છે, ત્યારે જ તોફાની યોદ્ધાઓ આગળ વધે છે - **અમેરિકન રાજનીતિ સૂત્ર**
- આજનું ઔષધ : કેળાના ગર્ભમાં મરીનું ચૂર્ણ ભરી આખી રાત મૂકી રાખવું, સવારે તે કેળાને ઘીમાં શેકીને ખાવાથી શ્વાસમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ફુલછોડની આસપાસ ઉકરડો હોય તેમ છતાં મધમાખી પુષ્પમાંથી મધ લેતી વખતે પુષ્પને નુકશાન પહોંચાડતી નથી. એનું ધ્યાન અને એનો મકસદ ફક્ત ફુલ પરથી રસપાન કરવાનો જ હોય છે. ફુલોનો રંગ કોઈ બી હોય, આકાર કોઈ બી હોય, પણ તેનું ધ્યાન ફક્ત મધુપાનમાં જ હોય છે. બીજી બાજુ માખીને જુઓ, એનું ધ્યાન હંમેશા ઉકરડા અને ગંદકીમાં જ હશે, ફુલોના બગીચામાં પણ તે ગંદી ગોબરી વસ્તુ શોધી કાઢે છે. સુગંધી ફુલોની સુવાસ તરફ તે કયારેય આકર્ષાતી નથી. માણસ કે પ્રાણી પર પડેલા ઘા પર માખી તરફ આવી પહોંચે છે. સ્વચ્છ જગ્યાએ માખી ફરકશે નહીં. પરંતુ ગંદકી પર તે તૂટી પડશે. મધમાખી અને માખી આપણને શીખવે છે આપણા આપસના સંબંધો અને જીવનની ગુણવત્તા વિશે. આપસના લોકોમાંથી સારપ ગ્રહણ કરવી કે વાતવાતમાં ભૂલ-દોષ જ શોધ્યા કરવા, આ બેમાંથી જેની પસંદગી કરીએ એના પર આપણા આપસી સંબંધોની ને જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર છે.

# રાજસ્થાન : ભાજપને ભારે પડશે

**તંત્રીસ્થાનેથી...**

રાજસ્થાનમાં કોંગ્રેસની ગહલોત સરકાર ઊથલાવવાના કાવતરામાં ખુદ કેન્દ્રીય મંત્રીની સામેલગીરી હોવાની ચર્ચા ચકડોળે ચડી છે. સચીન પાયલટ પ્રત્યે ગાંધી પરિવારને અંગત સહાનુભૂતિ હોવાથી હજી સુધી એમને પાર્ટીમાંથી બરતરફ નથી કરાયા. પરંતુ એમના બે વિશ્વાસ સાથીઓની ભાજપ સાથેની સાંઠગાંઠ અને ગહલોત વિરોધી નિવેદનો એમને પાર્ટીમાંથી કાઢી મૂકવા માટે પૂરતાં કારણ હતાં. સચીન પાઈલટ ભાજપના નેતાઓ સાથે સંગઠન રચીને ગહલોત સરકારને ઊથળાવવાની પેરવી કરી રહ્યા હતા તે સર્વવિદિત બાબત છે. એ ભલે એમનું બચાવવનામું રજૂ કરતાં એમના પરમ મિત્ર અને હવે ભાજપના રાજયસભાના સદસ્ય જયોતિરાદિત્ય સિંધિયાને છેલ્લા છ મહિનાથી મળ્યા ન હોવાનો દાવો કરે, પરંતુ ચોરના પગ કાચા હોય છે, એ રૂએ એમના આ નિવેદનમાં નામનોય સત્યનો રણકો નથી. એમણે કોંગ્રેસના પ્રદેશપ્રમુખ તરીકે રાજસ્થાનમાં ઉત્તમ કામગીરી કરી હોવા વિશે બે મત નથી, પરંતુ ગહલોતના હાથ નીચે મને કમને બીજા નંબરની પોસ્ટ સ્વીકારવા તૈયાર થયા હોવા છતાં એમનો અસંતોષ તો અકબંધ જ રહ્યો હતો. ગજેન્દ્રસિંહ શેખાવત કેન્દ્રીય મંત્રી છે અને મોદી-શાહના માનીતા છે. એમને ધારાસભ્યોની ખરીદી માટે કોંગ્રેસના એક ધારાસભ્ય સાથે અને ભાજપ તરફી હોટલ ઉદ્યોગ સાથે સંકળાયેલા માલેતુજાર મહાનુભાવ સાથે કરેલ નાણાંકીય વાતચીતની ઓડિયો ક્લિપ રાજસ્થાનની પોલીસને મળી છે. આથી ગહલોતના નિર્દેશાનુસાર એમની સામે એફઆઈઆર નોંધી આગળની કાર્યવાહી શરૂ કરાઈ છે. જે કલમો લગાડાઈ છે એમાં સરકારની સામે કાવતરું કરવા બદલ રાજદ્રોહની કલમ પણ સામેલ છે. ગજેન્દ્રસિંહ શેખાવત રાજસ્થાનનાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેની ગુડબુકમાં નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ એમને વસુંધરા રાજેના વિકલ્પ તરીકે ઉપસાવવા પ્રયત્નશીલ હોવાનું પણ કહેવાય છે. વસુંધરા રાજે આખા એપિસોડ દરમિયાન તદ્દન મૌન રહ્યાં છે તે સૂચક છે.એમને ખાતરી થઈ ગઈ છે કે ગહલોત સરકાર ઊથલાવી કેન્દ્રનું મોવડી મંડળ એમના પ્રખર વિરોધી કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતને રાજસ્થાનના મુખ્યમંત્રી બનાવવા માંગે છે. વળી સચીન પાઈલટ જયારે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ પદે હતા ત્યારે વસુંધરા સરકાર વિરુદ્ધ રાજયવ્યાપી ઝુંબેશ ચલાવી ગત વિધાનસભાની ચૂંટણીમાં એમને કોંગ્રેસને સત્તાસ્થાને બેસાડી હતી. એમની મહત્ત્વાકાંક્ષા મુખ્યમંત્રી બનવાની હતી પરંતુ 'જાદુગર' પૂર્વ મુખ્યમંત્રી અશોક કહલોતના હાથ વધારે લાંબા પુરવાર થયા હતા અને સચીન પાઈલટને બીજા નંબરના પદથી સંતોષ માનવો પડ્યો હતો. સચીન -સિંધિયાની જોડી રાહુલ ગાંધીની નજીક હતી, પરંતુ ગહલોત અને કમલનાથ જૂના જોગી હોઈ સોનિયા ગાંધી સાથેની એમની નિકટતા પરિણામદાયક નીવડી હતી. હવે જયારે વિદ્રોહી સચીનનું ષડયંત્ર સાબિત થઈ ચૂક્યું છે. ત્યારે ગહલોત એમને બક્ષવાનાં મૂડમાં નથી. સચીનની બળવાખોરીને પ્રોત્સાહિત કરવામાં કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે અગ્ર ભૂમિકા ભજવી હતી તે પણ સર્વવિદિત છે. ગહલોત સરકાર પાસે ગજેન્દ્રસિંહ અને ભંવરલાલ શર્મા તથા જૈન વચ્ચે થયેલ વાતચીતની ઊંડી તપાસ થતાં જો એ સાચી ઠરશે તો ગજેન્દ્રસિંહ શેખાવતની સાથે ભાજપના મોવડીમંડળની આબરૂના ધજાગરા ઊડશે. જો કે તપાસનું ભાજપના મોવડીમંડળની આબરૂના ધજાગરા ઊડશે. જો કે તપાસનું પરિણામ ફેરવી તોળાય એવી પૂરી શક્યતા છે, છતાં પ્રજા તો સમજી જ ગઈ છે કે ભાજપના નેતાઓ રીતસર ચૂંટાયેલી વિપક્ષી સરકારોના ધારાસભ્યોની ઊઘાડી લૂંટ ચલાવે છે. મધ્યપ્રદેસમાં સાવ પાતળી બહુમતી હોઈ કમલનાથનું આસન ડોલાવી શકાયું પરંતુ રાજસ્થાનમાં ભાજપનો આ ખેલ બૂમરેંગ થઈ રહ્યા છે. એનું સૌથી મોટું કારણ ભાજપની અંદર પ્રવર્તતી જૂથબંધી છે. પૂરી શક્યતા છે કે જયારે-ત્યારે વસુંધરા રાજે ગહલોતના ખુલ્લા સમર્થનમાં આવી ભાજપની કેન્દ્રીય નેતાગીરીની આબરૂના લીરા ઉડાડી એમને કયાંક મોઢું બતાવવા લાયક પણ ન રહેવા દે.

# એક હતું વૃક્ષોમાં ઉછરેલું નગર!



**આરપાર**

રાઘવજી માધડ

એક સાવ માયકાંગલાં વૃક્ષે,રોડના કાંઠે વરસોથી ઊગેલાં ને ઊભેલાં ઘટાદાર વૃક્ષને ધમકી આપતા કહ્યું:'તું જોતો ખરો,મારા વિકાસભાઈ પાસે તને ઉલાળીને ઊંધો કરાવી,પછી મૂળ સોતો મરાવી ન નાખું તો કહેજે !'આ સમયે વૃક્ષ થકી વિશ્વવિખ્યાત થયેલા નગરનાં અન્ય મદમસ્ત વૃક્ષો ટગર ટગર જોઈ રહ્યા.વૃક્ષોને પણ ડર બેસી ગયો, વિકાસભાઈનું ભલું પૂછવું વગર વાંકે સબોડી નાખે. નિકંદન કાઢી નાખે !' કોઈ તંત વગરના સંત જેવા વૃક્ષોની આ અબોલ વેદના વરસાદી માહોલ વચ્ચે પાંગરીને પહોળી થવા લાગી છે.

ગઈ સાંજે વેગીલા વાયુ સાથે વરસાદ વીફર્યો હતો.મન મૂકી વરસવાના બદલે રૂઠેલી રાણીની ઓરડે જવાની ઉતાવળ હોય એમ નીકળી ગયો હતો. આ વેળા લીલીછમ ડાળીઓ સાથે વાયુ અને વરસાદ જે રીતે ગેલ કરી રહ્યા હતા...જાણે કોઈ મુગ્ધ એવી અલ્લડ કન્યાને દાદો લાડ લડાવતો હોય ! નગરના આ વૈભવશાળી વૃક્ષો,વિમાસણમાં છે : આવતીકાલે અમે કપાઈ ને ક્યાંક છાપામાં છપાઈતો નહીં જઈએને !?

વર્ષાઋતુમાં વૃક્ષારોપણની મોસમ ખીલતી હોય છે.તેથી મહાનુભાવના હાથે વૃક્ષ રોપાશે, ફોટા પડશે...ને ન્યુઝમાં ચમકશે.વરસોની ઉત્સવઘેલી પરંપરા છે. પણ વૃક્ષ વાવ્યા પછી શું ? કોણ, કેટલાં મહાનુ ભાવોએ વળતા વરસે,વૃક્ષના ખબર-અંતર પૂછ્યા !?અનૌરસના જેમ જન્મ આપી ભાગી કે ત્યાગી દેવાનું નથી,પણ જાગી જવાનું છે.વ્યક્તિદીઠ એક વૃક્ષતો વાવવું,ઉછેરવું જોઈએ.વૃક્ષ પૂત્ર સમાન છે.બાળઉછેર જેવું જ અઘરું ને અગત્યનું કામ છે.આ નગર હવે ઈચ્છે છે, વૃક્ષ વાવ્યા પછી વૃક્ષ ઉછેર અને વૃક્ષ બચાવના પણ ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાવા જોઈએ ! આપણી પ્રકૃત્તિ ને સંસ્કૃત્તિમાં વનસ્પતિનું મૂલ્ય સવાયું છે.

આજે મોંઘવારી, મહામારી... બેકારી, બદનામી સઘળું રાજાની કુંવરી માફક રાત-દિવસ વધે છે...પણ ખુલ્લી જગ્યા વધવાના બદલે ઘટે છે.તેમાં કયાંક વૃક્ષો આડેધડ ઓછા થવા લાગ્યા છે.વૃક્ષનું કપાઈ કે છેદાઈ જવું,પ્રિયજનની વિદાય જેવું વસમું લાગવું જોઈએ.ભલે સઘળું ડીઝીટલ થાય પણ વૃક્ષોતો ફીઝીકલ જોઈશે.આ તકે વૃક્ષની સેવા-કાળજી લેનાર વિરલાઓને વંદનને અભિનંદન પાઠવવાનું ભૂલવા જેવું નથી.

વરસાદ પછી નગરવધૂ જેમ નાહી-ધોઈને સ્વચ્છ,સુંદર થઈ વૃક્ષો ઊભા છે. ડાળીએ ડાળીએ કુંપળ ફૂટી છે,પાંદડે પાંદડે ચેતના પ્રગટી છે. રંગબેરંગી ફૂલો ખીલ્યાં છે, કયાંક વળી ફળ પણ લાગ્યા છે... સઘળી નજાકત માણસનાં મનને લોભાવે ને તનને થોભાવે એવી છે.આ નગરની ઓળખ જ વૃક્ષો થકી છે. બાળ ને ઝાડ વગરની દુનિયાતો કલ્પી જુઓ..? ભૂંડી,ભેંકાર ને ભયાનક ભાસશે. નગરજનો ઘરઆંગણે પણ વૃક્ષો વાવવા આતુર છે.પણ તે માટેની સુવિધા વરસાદમાં આગ લગાડે એવી છે ! આ વૃક્ષોમાં નગર છે કે નગરમાં વૃક્ષો છે...નક્કી ન થઈ શકે એવું નાવીન્ય છે. તેમાં હજુ કાંઈ બગડી ગયું નથી.વૃક્ષોના વાવેતર ને ઉછેરણ થકી સારું ને પ્યારું થઈ શકે એવું છે.આ તંત્ર સાથે,વ્યક્તિનીય ફરજ ગણાય. પણ જો, કોરોનાના કહેર વચ્ચે,આળસ મરડી ઊભા થઈ રહેલા વિકાસભાઈ વિફરશે તો,પછી ખોડાઈ ને ખેદાનમેદાન થઈ રહેલા આ સ્માર્ટસીટીની ભરચક ભવ્યતાને માત્ર લોકહૈયે વાગોળવાની રહેશે : એક હતું વૃક્ષોમાં ઉછરેલું નગર !

**છેલ્લે :**

વરસાદને પણ લૂ લાગી જાય અથવા તો કાળઝાળ તાપ કે બફારો વરસાદી વાછટમાં આવી જાય એવા વસમા સંજોગો સર્જાયા છે ત્યારે... વૃક્ષો વાણી કે પોસ્ટરમાં નહીં પણ પ્રત્યક્ષ હોવા જોઈએ !

http://raghavjimadhad.blogspot.com –
email: ra_madhad13@yahoo.com
મો.૯૪૨૭૦ ૫૦૯૯૫

# તો પછી કોરોનાને... કોઈ સરકાર કે તાકાત રોકી નહીં શકે

**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

ધીમે ધીમે કોરોના એક દુઃસ્વપ્ન સમાન બનતો જાય છે. કોરોના શબ્દ સાંભળતા જ ભલભલાના કાન સતેજ અને હૈયામાં ફાળ પડે છે. કોરોનાએ અત્યાર સુધીમાં પાંચ લાખથી વધારે લોકોને યમરાજની પાસે મોકલ્યા છે. અને હજીયે તેનું આ દૂષ્કૃત્ય પુરજોશમાં ચાલું જ છે. આમ છતાંય કેટલાક ભડવીરોએ કોરોનાકી ઐસી તૈસી કરીને સામાન્ય જીવન જીવવાનું શરું કરી દીધું છે. નીડર હોવું એ સારી વાત છે, પણ આ કોરોના છે. એ એનું કોરાપણું જ્યારે આપણા શ્વાસમાં ફેલાવશે ત્યારે આપણી બધી જ ભીનાશ સૂકાઈ જવાની છે. જો કે હવે મોટાભાગના લોકો કોરોનાથી સતેજ થઈ રહ્યા છે. પણ છેક હવે કે જ્યારે કોરોના એની પુરી તાકાતથી ફેલાઈ રહ્યો છે. જ્યારે તકેદારી રાખવાની હતી ત્યારે રાખી નહીં, અને હવે તકેદારી નહીં બે મહિનાના સંપૂર્ણ લોકડાઉનની જરૂર છે.

કોરોનાનું સંક્રમણ ગુજરાતમાં અને ભારતમાં ચિંતાનો વિષય બન્યું છે. આજે દેશમાં રોજના ત્રીસ હજાર લોકો સંક્રમિત થઈ રહ્યા છે. અને ગુજરાતમાં રોજના હજાર. આવતા મહિનાથી દેશમાં રોજના એક લાખની આસપાસ હશે અને ગુજરાતમાં દસ હજારની આસપાસ. અને પછીના સપ્ટેમ્બર મહિનામાં દેશમાં બે થી ત્રણ લાખ રોજના અને ગુજરાતમાં વીસ હજારની આસપાસ, અને આ વખતે શક્ય છે કે જે લોકો બહાર નોકરી ધંધે જાય છે તે બધા જ સંક્રમિત હશે. ગુજરાતના શહેરોની સ્થિતિ હજીયે થોડી સારી છે. સરકાર ધારે તો હજી શહેરોનું સંક્રમણ રોકી શકાય છે. એના માટે કડક નિર્ણયો લેવા જરૂરી છે. જે શહેરોમાં હજી સો, બસો કે પાંચ સો કેસ છે અને જ્યા હજી રોજના દસ વીસ કે પંચાસની આસપાસ નવા કેસ થાય છે એવા તમામ શહેરોમાં કાલથી જ કડક લોકડાઉન નાખી દેવાની જરૂર છે. દરેક શહેરની નાકાબંધી કરી, શીલ કરી દેવામાં આવે, કોઈ પણ શહેરનો નાગરિક પોતાના શહેરની બહાર ના જઈ શકે કે કોઈ શહેરમાં ના આવી શકે, એટલે સૌ પ્રથમ કોરોનાનું બહારના આવાગમનથી થતું સંક્રમણ અટકી જશે. પછી. પંદર પંદર દિવસના ચાર સંપૂર્ણ લોકડાઉન. અને આ લોકડાઉન અગાઉ લોકોને જાણ કરી દેવાની. કે જેથી તેઓ મહિનો બે મહિના ચાલે એટલો સામાન લઈ શકે. જો સંપૂર્ણ કરફ્યું જેવી સ્થિતિ કરવામાં આવે તો જ આ કોરોના કાબૂમાં આવશે અન્યથા દરેક શહેરના દરેક ઘર સંક્રમિત થઈ શકે છે.

જે શહેરોમાં આજે રોજના વીસ પચીસ નવા કેસ બને છે ત્યા આવતા મહિને સો બસો બનશે અને પછીના સપ્ટેમ્બર મહિને રોજના પાંચ સો હજાર કેસ બનતા હશે. અને પછી કોરોના ઉપર કાબૂ લેવો અશક્ય બની જશે તેથી હજીયે દરેક જિલ્લાના કલેકટરશ્રીઓ, જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ અને કમિશનરશ્રીઓએ સંયૂક્ત કમિટિ બનાવી રાજ્ય સરકાર સાથે ચર્ચા વિચારણા કરીને ત્વરિત નિર્ણય કરીને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. નહિતર આજે જો તમામ પ્રકારની સૂરક્ષાઓની અને સાવચેતીઓની વચ્ચે રહેતા અમિતાભ બચ્ચનને અને તેમના પરિવારને કોરોંના થઈ શકતો હોય તો જે જે લોકો ગમે તેટલી સાવધાની રાખીને નોકરી ધંધો કરતા હશે એમના સુધી કોરોના એક વખત તો પહોંચવાનો જ છે. અને પછી તમારા નસીબ, તમારી ઈમ્યુનીટી અને તમારી સારવાર. નહિતર ખેલ ખતમ.

મિત્રો, કોરોના અદશ્ય રાક્ષસ છે. એની સામે માસ્કથી કે હાથ ધોવાથી લડી શકાતું નથી. કેમ કે માસ્કની સાથે આખી પીપીઈ કીટ પહેરતા હોવા છતાંય અનેક ડોકટરો કોરોનાના ભોગ બન્યા છે. માટે કોરોનાથી બચવાનો એક જ ઉપાય છે. જ્યા સુધી એની વેકસીન, રસી ના આવે ત્યાં સુધી સંપૂર્ણ રીતે ઘરમાં રહો, નહિતર આ ચાર છ મહિનામાં જે કમાશો એના બદલામાં બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. એ યાદ રાખશો.

જે કામ આજથી બે મહિના પહેલા કરવાનું હતું તે હવે સુરત શહેરમાં સ્વયંભૂ લોકડાઉન શરું કરી દેવામાં આવ્યું છે. અને આજ રીતે બીજા શહેરોમાં પણ સ્વયંભૂ લોકડાઉન કરવું જ પડશે. જેટલો ઝડપથી નિર્ણય લેવામાં આવશે એટલું ઓછું સંક્રમણ થશે.

મિત્રો, આ કોરોના આપણા ઘરમાં આવીને થોડા દિવસો રહીને પછી પણ આપણને થઈ શકે છે. જેમ કે આપણી કોઈપણ વસ્તુમાં, બહાર પૈસાની લેવડ દેવડ કરીએ છીએ. કુરિયર આવે જાય છે. અખબારો આવે છે. કોઈ આપણા ઘેર આવે છે સોફા પર બેસે છે ... આવી અનેક રીતે કોરોના આપણા ઘરમાં સોફા ઉપર, રસોડામાં, બારણા, પડદા, ફર્શ, દીવાલ, ચાવી, ચશ્મા, બૂટ, મોજા... અનેક રીતે આપણા ઘરમાં એન્ટ્રી લઈ શકે છે અને ઘરમાં તો આપણે માસ્ક પહેરવાના નથી. ગમે તે દિવસે એક નાની સરખી ભૂલ અને કોરોના આપણી અંદર.

કોરોનાથી ડરવાનું બીજું એક કારણ આપણી આરોગ્ય વ્યવસ્થા પણ છે. આપણી સરકારી હોસ્પિટલોમાં અપાતી સારવારથી સૌ વાકેફ છો. વળી અત્યારે બધી જ હોસ્પિટલો ફૂલ થઈ રહી છે. ખાનગી હોસ્પિટલોમાં જશો તો બીલ ચૂકવવા માટે લોન લેવી પડશે. આ ચાર છ મહિનામાં જેટલું કમાયા હશો તેના કરતા અનેક ગણું વધારે બીલ ચૂકવવું પડશે. એના કરતા આ વર્ષ જીવનમાં નહોતું આવ્યું એમ માનીને જો ઘરમાં જ રહેશો તો બચી જશો. બાકી હજી ત્રણ ચાર મહિના કોરોના તમારું સ્વાગત કરવા બહાર તમારી રાહમાં જ છે. અને હવે તો કોરોના સ્કૂલ, બેંક, સરકારી ઓફિસ, હૉટેલ, બસ, ટ્રેન, વિમાન, તમારી પોતાની કાર, મોલ, દુકાન, શાકભાજીની લારીઓ, શાકભાજી, કરિયાણું, માલ સામાન હેરફેર કરતા તમામ વાહનો, રિક્ષાઓ, અખબારો, દુકાનેથી લીધેલી નૉટો, બહાર પાણીપુરી, વડાપાઉ, દાબેલી વગેરે... આ બધી જ જગ્યાએ કોરોના પહોંચી ગયો છે અને હવે એ તમારી રાહમાં જ છે. અત્યારે બહાર વીસ રૂપિયાની ખાધેલી પાણીપુરી કે દાબેલી કે વડાપાઉ ... વીસ હજારમાં કે બે લાખમાં પડી શકે છે. જો સારવારમાં સાજા થયા તો...નહિતર એક પાણીપુરી કે દાબેલીને બદલે તમારો જીવ પણ જઈ શકે છે.

આપણી પ્રજાની સૌથી મોટી કરૂણતા એ છે કે જ્યા સુધી કોઈ મોટી મુશીબત પોતાની ઉપર નથી આવતી ત્યા સુધી આપણે જાગતા નથી. આખા દેશમાં અને વિશ્વમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે. લાખો લોકોને મારી ચૂક્યો છે. વિશ્વ આખું એનાથી ડરી રહ્યું છે છતાંય લોકો બેફિકર થઈ બહાર રસ્તા ઉપર ઊભા ઊભા પાણીપુરી, દાબેલી, વડાપાઉ, ખાઈ રહ્યા છે. જ્યારે એમના ઘરમાં કોરોના કોઈને આવશે ત્યારે જ એમને એની ભયાનકતા સમજાશે ત્યા સુધી એમને ઈશ્વર પણ નહી સમજાવી શકે.

મને આશ્ચર્ય થાય છે કે ગુજરાતનું પાટનગર ગાંધીનગરમાં જાણે કોરોના છે જ નહીં એ રીતે બધુ ખૂલી ગયું છે. એક સમય હતો ગાંધીનગર કોરોના મૂક્ત થઈ ગયું હતું પરંતુ આજે રોજના વીસ પચીસ કેસ સામે આવી રહ્યા છે. આવતા મહિને રોજનો આંકડો બસો ત્રણ સોએ પહોંચશે. અને પછી મિટિંગો થશે, ત્યા તો સપ્ટેમ્બર આવી જશે. રોજના એકાદ હજાર કેસ ગાંધીનગરમાં બનવાના શરું થશે પછી સરકાર જાગશે અને લોકડાઉન લાવશે. તો આ લોકડાઉન અત્યારથી કેમ નહીં ? ગાંધીનગરની હજી સ્થિતિ થોડી સારી છે. જો એકાદ મહિનો આમ જ ચાલ્યું તો અહીં પણ સુરત અને અમદાવાદ જેવું થશે. માટે સરકારે ગાંધીનગર કે ગુજરાતના અન્ય શહેરો માટે જે સમિતિઓ બનાવવાની છે, જે મિટિંગો કરવાની છે, જે નિર્ણયો લેવાના છે તે બધુ આજથી શરું કરશે તો હજીયે કોરોનાના વધતા સંક્રમણને રોકી શકાશે બાકી આવતા બે મહિનામાં કોરોના વિધાનસભામાં, નવા જુના સચિવાલયમાં અને રાજભવનમાં પણ હશે, અને પછી એને કોઈ સરકાર કે તાકાત રોકી નહીં શકે.

- 9426060601.india@gmail.com

# 'જાહેર વહીવટનાં સૂત્રો' - એક પાવન ભાગીરથી...

**પુસ્તક પરિચય**

કિશોર જીકાદરા

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા નેતા નરેન્દ્ર મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને અત્યારે પણ, જાહેર વહીવટનમાં નવા નવા શબ્દો ઉમેરવા માટે વિખ્યાત છે. વરસોથી લોકજીભે ગવાઈ ગયેલા અને સરકારી ફાઈલમાં ચવાઈ ગયેલાં શબ્દને સ્થાને દીવ્યાંગ શબ્દ લાવવાનું માન જેમ તેમના નામે છે. તેવી જ રીતે સરકારી બાબુઓને કર્મચારીને બદલે કર્મયોગી તરીકે ઓળખાવવાનું માન પણ તેઓ જ ખાટી ગયા છે. દીવ્યાંગ શબ્દની ગરિમા વિકલાંગોને લઘુતાગ્રંથિમાંથી બહાર લાવવામાં જે રીતે સફળ થઈ તેવી જ રીતે આ કર્મયોગી શબ્દે પણ સરકારી કર્મચારીઓનાં નૂતન ચેતનાનો સંચાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યા છે. કર્મચારી શબ્દમાં કામે રખાયેલા માણસ એવો હીનભાવ ગર્ભિત હતો જયારે કર્મયોગી શબ્દમાં હોંશે હોંશે કામ કરતા કર્મવીરોનું ગૌરવ ઉજાગર થાય છે.

કર્મયોગી... કેવો સુંદર શબ્દ ! સાંભળતાં જ આપણા ચિત્તમાં શ્રીકૃષ્ણ અને તેણે ભગવદ્ ગીતા દ્વારા આપેલો કર્મયોગનો સંદેશ યાદ આવી જાય. યોગઃ કર્મસુ કૌશલમ્. અર્થાત્ જે કર્મ સોપાયું હોય તેને પૂર્ણ કૌશલ્ય સાથે પાર પાડે તે સાચો કર્મયોગી. આવા કર્મયોગીઓ માટે સરકાર દ્વારા સમય સમય પર કચેરી કાર્યપદ્ધતિ, જોબ ચાર્ટ, ડિસિપ્લિન એન્ડ અપીલ કન્ડક્ટ રૂલ્સ વગેરે તો ઘડાતા રહ્યા છે પણ શ્રીકૃષ્ણને આદર્શ માની, ભગવદ્ ગીતાના સંદેશને જાહેર વહીવટી સાથે સાંકળી, પોતાના ૪૦ વર્ષના વહીવટીય અનુભવના નિચોડ જેવાં, જાહેર વહીવટને સોનેરી બનાવી દે તેવા સૂત્રો સાથે જે.બી. વોરા પોતાનું વધુ એક પુસ્તક લઈને આપણી વચ્ચે આવ્યા છે.

પુસ્તકનું નામ છે... 'જાહેર વહીવટનાં સૂત્રો' - Good Governance

આ પુસ્તકને પૂજ્ય મોરારિ બાપુના વરદ્ હસ્તે લોકાર્પિત થવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હોવા ઉપરાંત, રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અંતઃકરણથી શુભેચ્છાઓ અને પૂર્વ મુખ્યમ સચિવો સર્વે પ્રવીણભાઈ લહેરી તથા જી.એસ. અલોરિયા અને મુખ્યમંત્રીના અગ્ર સચિવ મનોજકુમાર દાસ અને તકેદારી આયુક્ત એચ. કે. દાશના હૂંફાળા આવકાર - આશીર્વચનો પ્રાપ્ત થયાં છે. આ પુસ્તકનું વિચારબીજ અલબત્ત જે. બી. વોરાનું છે. પણ તેને જાણીતા લેખક રાજ ભાસ્કરની અનુભવી અને ચોટદાર કલમનો સથવારો મળ્યો છે. તેઓનું માનવું છે કે, વહીવટી તંત્રના કર્મચારીઓ માટે આ પુસ્તક ભગવદ્ ગીતામાંથી તારેલા નવનીત સમાન બની રહેશે. જે.બી. વોરા આ પુસ્તકમાં પોતાના મનની વાત

કરતાં કહે છે કે, આ પુસ્તક મારા વહીવટી ક્ષેત્રના ૪૦ વર્ષના પ્રદીર્ઘ અનુભવનું ભાથું છે. તેઓ વધુમાં કહે છે કે, આ પુસ્તક કોઈ કાલ્પનિક સૂત્રો,શિખામણ કે સૂફિયાણી વાતો કરવા નથી લખાયું પણ ધાર્મિક પુસ્તકોના વાંચનથી પ્રેરાઈને, સમાજજીવનની વાસ્તવિકતાને નજીકથી નિહાળીને, વારસામાં મળેલા સંસ્કારોથી દોરવાઈને, ઉપરી અધિકારીઓની પ્રશ્નો ઉકેલવાની (નિકાલની નહીં!!) કળાથી અભિભૂત થઈને તથા પોતાને મળેલા સત્તાનો લોકહિતાર્થે ઉપયોગ કરતાં કરતાં પ્રાપ્ત થયેલા દીવ્ય દૃષ્ટિના અજવાળામાં લખાયું છે. જેમ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તથા દૈવી સંપત્તિ યોગમાં આદર્શ માનવીનાં લક્ષણો વર્ણવ્યા છે તેવી રીતે વોરાએ આ પુસ્તકમાં આદર્શ કર્મયોગી અને જાહેર વહીવટીકર્તાનાં લક્ષણો વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. પૂરા એકસોએક સોનેરી સૂત્રો દ્વારા આ પુસ્તકમાં જાહેર વહીવટકર્તાએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનું માર્ગદર્શન પોતાના અનુભવના આધારે કર્યું છે.જાણીતા કેવળણીકાર, સદ્ભાવક અને હાસ્યકટાક્ષ લેખક રતિલાલ બોરીસાગર કહે છે કે આ કેવળ પુસ્તક નથી પણ પાવન ભાગીરથી છે. જાહેર જનતાની સેવામાં કાર્યરત કર્મયોગીઓ અને અધિકારીઓ આ ભાગીરથીના પવિત્ર જળનું આચમન કરે તો જનતાની ઉત્તમ સેવા જાહેર વહીવટમાં સુગંધ ભળ્યાનો આત્મસંતોષ પામશે.

પૂર્વ મુખ્ય સચિવ પ્રવીણભાઈ લહેરીએ પ્રજાભિમુખ વહીવટનાં દૃષ્ટાંતો ટાંકી, વહીવટીતંત્રમાં સુશાસન આણવા માટેના પ્રયત્નોમાં આ પુસ્તકનાં સૂત્રો ઉપયોગી થશે તેવો મત વ્યક્ત કર્યો છે. પૂર્વ મુખ્ય સચિ જી. આર. અલોરિયા માને છે કે માનવ સંવેદના ઘટવાને કારણે જાહેર વહીવટીતંત્ર સામે પારદર્શિતા અને ગતિશીલતા બાબતે અનેક પડકારો ઊભા થયા છે. આવા સમયે કર્મયોગીઓની સરકારી ફરજ પ્રત્યેની નિષ્ઠા તથા વહીવટી સૂઝબૂઝ મહત્ત્વની રહે છે. તેઓ આશા રાખે છે કે આ પુસ્તકનાં એકસોએક સોનેરી સૂત્રો કે જે ઉપદેશ માટે નથી પણ અનુસરવા માટે છે તેની માસ્ટર કીથી રાજયના કર્મયોગીઓ પોતાના માનસ પર લાગેલાં કાર્યસંતોષનાં અને આત્મસંતોષનાં આગોચર તાળાને અવશ્ય ખોલી શકશે અને જાહેર વહીવટ સામેના પડકારોને ને ઝીલીને ગુડ ગર્વનન્સ સ્થાપી, લોકોનો વિશ્વાસ જીતી શકશે.

મુખ્યમંત્રીના અગ્ર સચિવ મનોજકુમાર દાસ કહે છે તેમ ટેકનોલોજીના વિકાસ સાથે સંવેદનાનો હ્રાસ થતો જાય છે. ભૌતિક સમૃદ્ધિમાં વધારો, ઉદારીકરણ અને સોશિયલ મીડિયાના પ્રભાવથી વહીવટીતંત્રમાં વાદવિવાદ, ખટપટ, ઈર્ષ્યા, કલેશ જેવા દૂષણો પ્રવેશી ગયાં છે. વહીવટમાં વચેટિયાઓની દખલગીરીને કારણે લોકોનો વહીવટ પરનો વિશ્વાસ ઘટતો જાય છે. તંત્ર વગોવાય છે અને અપયશના ભાગાદીર બને છે કર્મયોગીઓ! આ પુસ્તક દ્વારા વોરાએ સૂચવેલાં જાહેર વહીવટના એકસોએક સૂત્રો કર્મયોગીઓ માટે દીવાદાંડીની ગરજ સારે તેવાં છે.

જેથી રાજય સરકારનો જાહેર વહીવટ પારદર્શી સંવેદનશીલ, પ્રગતિશીલ થશે જ અને કલ્યાણ રાજયની ભાવના સાકાર થશે.

તકેદારી આયુક્ત એચ કે દાસ આ પુસ્તક અંગે લખે છે કે, વહીવટી તંત્રના કર્મચારીઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવામાં કંઈ બાબતો પણ ધ્યાન કેન્દ્રિય કરવું અને કઈ બાબતોથી દૂર રહેવું તેનાં ગ્રીન અને રેડ સિગ્નલો વોરાએ પોતાના સ્વાનુભવના આધારે સરળ શબ્દોમાં આ પુસ્તકમાં અંક્તિ કર્યા છે.

આ લેખના લેખક માને છે કે 'જાહેર વહીવટનાં સૂત્રો' - Good Governance સરકારી તંત્રના નીચેથી ઉપરનાં તમામ સ્તરે બેઠેલા કર્મયોગીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ તથા લોકસેવકોએ સમય કાઢી, નિરાંતે, દિલ લઈને વાંચવાની તાતી જરૂર છે. આ પુસ્તકનું જમા પાસું એ છે માનવ જન્મથી લઈ માનવના નિર્માણ સુધીના તમામ તબક્કો જે સરકારી વિભાગ સંકળાયેલો છે તે અતિ મહત્વના મહેસૂલ વિભાગમાં મામલતદારથી માંડી કલેકટર સુધી દીર્ઘકાલીન સેવાઓ આપીને નિવૃત્ત થયેલા એક સનદી અધિકારી દ્વારા પોતાના સ્વાનુભવ પછી જે અનુભવનું ભાથું પ્રાપ્ત કર્યું તે જાહેર વહીવટના ક્ષેત્રમાં કામ કરતા અધિકારીઓ, અને કર્મયોગીઓ સમક્ષ વહેંચવાની શુભ ભાવનાથી લખાયેલું છે. મને લાગે છે કે આ પુસ્તક વાંચ્યા પછી અને તેના સોનેરી સૂત્રોને પોતાની ફરજ દરમિયાન સમજી, વિચારીને અમલમાં મૂકનાર કર્મયોગીને અહેસાસ થશે કે સરકારી કચેરી એ માત્ર સિમેન્ટની ઈમારત નથી પણ માનવમંદિર છે અને લાગશે કે તેઓ ફરજ નથી બજાવી રહ્યા પણ પૂજા કરી રહ્યા છે!

'જાહેર વહીવટનાં સૂત્રો' - Good Governance
રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦,
કિંમત રૂા. ૨૦૦/-, પૃષ્ઠ : ૧૩૬